કેસ રજુ તા.:૨૧/૦૨/૨૦૨૬.
કેસ દાખલ તા.:૨૧/૦૨/૨૦૨૬.
કેસ ફેંસલ તા.:૦૪/૦૮/૨૦૨૬.
અવધિ :–<u>વર્ષ. માસ. દિવસ.</u>
૦૦ ૦૫ ૧૩

***<u>મે. જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.</u>***

**<u>ફોજદારી કેસ નં.–૪૩૧/૨૦૨૬.</u>**

**આંક–૩૪**

**ફરિયાદી.** **:–** **શ્રી સરકાર.**
(અલંગ પો.સ્ટે., A-પાર્ટ, ગુ.ર., નં.–૬૦૦૨૧/૨૬).

**વિરૂદ્ધ**

**આરોપી** **:–** **ભાર્ગવકુમાર પ્રવિણભાઈ બારૈયા.**
ઉ.વ.આ.–૨૫, ધંધો–ડ્રાઈવીંગ,
રહે. બ્રાહ્મણ શેરી, તરસરા ગામ, તા.તળાજા,
જિ.ભાવનગર.

**<u>–: ગુન્હો :–</u>**

***<u>ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એક્ટની કલમ–૧૩૪, ૧૭૭, ૧૮૪ અન્વયે.</u>***

---

*સરકાર તરફે :–વિ. એ.પી.પી.શ્રી એફ.એમ.શેખ.*
*આરોપી તરફે :–વિ.વ.શ્રી વિ.બી.રાઠોડ.*

---

**<u>–: ઠરાવ :–</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

ગઇ તા.૧૭/૧/૨૦૨૬ના રોજ કલાક:૧૭/૪૫ વાગ્યાના સુમારે, તળાજા તાલુકાના મણાર ગામે, સથરા ગામની ચોકડી પાસે, આ કામના ફરીયાદીનો દિકરો અરૂણભાઇ ચાલીને જતો હતો તે દરમિયાન, ક્રિષ્ના સ્ટીલ નામના પ્લોટના ગેઇટની સામે પહોંચતા, આ કામના આરોપીએ પોતાની ક્રેઇન નં.GJ-04-AP-0166 ને પૂરઝડપે અને બેફિકરાઇથી માણસની જિંદગી જોખમાય તે રીતે ચલાવી આવી, ફરીયાદીના દિકરા સાથે ભટકાડી, એકસીડેન્ટ કરી, ગંભીર ઇજા પહોંચાડી, સારવાર દરમિયાન તેનું મોત નિપજાવી, ગુન્હો કર્યાની ફરિયાદ ફરિયાદીએ અલંગ પો.સ્ટે.માં નોંધાવતા, A-પાર્ટ, ગુ.ર., નં.—૬૦૦૨૧/૨૦૨૬થી ગુનો નોંધી, ત.ક.અ.શ્રી દ્વારા તપાસના અંતે, આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ—૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એક્ટની કલમ—૧૩૪, ૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હા સબબ પૂરતો પુરાવો મળી આવતા, ચાર્જશીટ અદાલતમાં રજુ કરતા, તેને ફોજદારી રજિસ્ટરે ફોજદારી કેસ નં.—૪૩૧/ ૨૦૨૬ આપવામાં આવેલ.

(૨) આ કામના આરોપી સામે ચાર્જશીટ રજુ થતા, આરોપી વિરૂદ્ધ ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઇ, આરોપીને સમન્સ કરેલ અને આરોપીને સમન્સ બજતા, આરોપી અદાલતમાં ઉપસ્થિત થયેલ. તે બાદ, બી.એન. એસ.એસ.ની કલમ—૨૩૦ અન્વયે, આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ —૧૯૩ મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિના મુલ્યે પૂરી પાડયાની ખાતરી કરી, બી.એન.એસ.એસ.ની કલમ—૨૬૩ મુજબ આરોપી ઉપર આંક— ૩થી ઉપરોકત ગુન્હાનું તહોમતનામુ ફરમાવી, સદર તહોમતનામુ આરોપીને વાંચી—સંભળાવી, તે અંગે આરોપીની આંક—૪થી પ્લી રેકર્ડ કરતા, તેમણે ગુનો કબૂલ હોવાનો સ્પષ્ટપણે ઇન્કાર કરી, કેસ આગળ ચલાવવાનું જણાવતા, હાલના કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરિયાદ પક્ષ દ્વારા નીચે મુજબના પુરાવા રજુ થયેલ છે :-

| ક્રમ. | -: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :- | આંક. |
|---|---|---|
| ૦૧. | ફરીયાદી કિશોરભાઇ વાલજીભાઇ ચુડાસમાની જુબાની. | ૦૫. |
| ૦૨. | ફરિયાદની ખરીનકલ. | ૦૬. |
| ૦૩. | સાહેદ જીવરાજભાઇ લાભશંકરભાઇ દવેની જુબાની. | ૦૭. |
| ૦૪. | સાહેદ દિલીપસિંહ હાલુભા વાળાની જુબાની. | ૦૮. |
| ૦૫. | સાહેદ નરેશભાઇ ઉર્ફે વિવેક જીવરામભાઇ જાનીની જુબાની. | ૦૯. |
| ૦૬. | પંચસાહેદ દિનેશભાઇ લાભશંકરભાઇ જાનીની જુબાની. | ૧૧. |
| ૦૭. | ગુનાવાળી જગ્યાના પંચનામાની ખરીનકલ. | ૧૨. |
| ૦૮. | પંચસાહેદ શાંતિલાલ ઓધવજીભાઇ લાધવાની જુબાની. | ૧૩. |
| ૦૯. | સાહેદ અશોકભાઇ રવજીભાઇ ચુડાસમાની જુબાની. | ૧૪. |
| ૧૦. | સાહેદ ઇશ્વરભાઇ પ્રેમજીભાઇ જાનીની જુબાની. | ૧૫. |
| ૧૧. | ઇન્કવેસ્ટ પંચનામાની ખરીનકલ. | ૧૬. |
| ૧૨. | એફ.એસ.એલ. રીપોર્ટની ખરીનકલ. | ૧૭. |
| ૧૩. | સારવાર સર્ટી. આપવા માટે અલંગ પો.સ્ટે.ને કરેલ યાદી. | ૧૮. |
| ૧૪. | પી.એમ.નોટની ખરીનકલ. | ૧૯. |
| ૧૫. | ત.ક.અ. એ.એસ.આઇ. પરાક્રમસિંહ પ્રવિણસિંહ ગોહિલની જુબાની | ૨૦. |
| ૧૬. | તપાસનો પત્ર. | ૨૧. |
| ૧૭. | મરણોત્તર તપાસ સારૂ મોકલેલા શબની સિવિલ સર્જન તરફ મોકલવાના પોલીસ રીપોર્ટની ખરીનકલ. | ૨૨. |
| ૧૮. | આરોપીના આધાર કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, વિમા-પોલીસી, આર.સી.બુક, વાહનનું ફિટનેસ સર્ટી., ટેકસની રસીદ તેમજ પી.યુ. સી.(કુલ આઠ કાગળો). | ૨૩ થી ૩૦. |
| ૧૯. | અસલ એફ.આઇ.આર. | ૩૧. |

(૪) ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ, રેકર્ડ પર રજુ પુરાવા સંદર્ભે આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ તેમની સામે પડેલ પુરાવાઓનો ઇન્કાર કરી, તેઓ હાલના ગુનામાં નિર્દોષ છે અને તેમના વિરૂદ્ધ ખોટુ ચાર્જશીટ અને ફરીયાદ કરેલાનું જણાવેલ છે.

(૫) ફરિયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી એફ.એમ.શેખ તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી વિ.બી.રાઠોડની મૌખિક દલીલો વિગતવાર સાંભળવામાં આવી.

(૬) સદર કેસની ઉપરોકત હકીકતો અને સંજોગો, રેકર્ડ પર રજુ થયેલ પુરાવો, સંલગ્ન કાયદાની જોગવાઇઓ તેમજ ઉભય પક્ષની રજુઆતો ધ્યાને લેતા, હાલના કેસના ન્યાય–નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :–

**–: મુદ્દા :–**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, બનાવ સમયે અને સ્થળે, આ કામના ફરીયાદીનો દિકરો અરૂણભાઇ ચાલીને જતો હતો તે દરમિયાન, ક્રિષ્ના સ્ટીલ નામના પ્લોટના ગેઇટની સામે પહોંચતા, આ કામના આરોપીએ પોતાની ક્રેઇન નં.GJ-04-AP-0166 ને પૂરઝડપે અને બેફિકરાઇથી માણસની જિંદગી જોખમાય તે રીતે ચલાવી આવી, ફરીયાદીના દિકરા સાથે ભટકાડી, એકસીડેન્ટ કરી, ગંભીર ઇજા પહોંચાડી, સારવાર દરમિયાન તેનું મોત નિપજાવી, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એક્ટની કલમ –૧૩૪, ૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા પરત્વેના નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

(૮) ***મુદ્દા નંબર–૧ તથા ૨ અંગે :–***

પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરિયાદ પક્ષના આરોપી મુજબનો ગુન્હો પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર હોય છે. હવે, આ તબકકે, નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા **AIR 1977 SUPREME COURT 170, "Rabindra Kumar Dey v. State of Orissa"**ના ચુકાદામાં નીચે પ્રમાણે ઠરાવેલ છે કે,

> "Three cardinal principles of criminal jurisprudence are well settled namely:
>
> (1) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive any benefit from weakness or falsity of the defence version while proving its case;
>
> (2) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and
>
> (3) that the onus of the prosecution never shifts."

*આમ, ઉપરોકત ચુકાદો વંચાણે લેતા પણ, તે સિદ્ધાંત જ તરી આવે છે તથા આરોપી વિરૂદ્ધનો કેસ ફરિયાદ પક્ષે વ્યાજબી શંકાથી પર રીતે સાબિત કરવાનો રહે છે. જો ફરિયાદ પક્ષના કેસમાં કોઈ પણ શંકા જણાય તો, તેનો લાભ ચોક્કસપણે આરોપીને મળવાપાત્ર થાય છે, પરંતુ સદર શંકા વ્યાજબી હોવી જોઇએ. ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ મેથેમેટીકલ સર્ટેનિટીથી સાબિત કરવાનો નથી. જો ફરિયાદ પક્ષના કેસમાં કોઈ વ્યાજબી શંકા ન હોય તો, તે પૂરતુ છે.*

(૯) ઉપરોકત દલીલો તેમજ ફરિયાદ પક્ષે રેકર્ડ પર રજુ કરેલ પુરાવાઓનું તુલનાત્મક મુલ્યાંકન કરતા, સદર કામે આંક–પથી ફરીયાદી કિશોરભાઇ વાલજીભાઇ ચુડાસમાની જુબાની રેકર્ડ થયેલ છે. આંક–૬થી ફરીયાદ રજુ છે. અકસ્માતમાં ગુજરનાર અરૂણભાઈ ફરીયાદીના દિકરા થાય છે. ફરીયાદીની જુબાની જોવામાં આવે તો, બનાવ સમયે ફરીયાદી ખેતી મજુરી કામે ગયેલા ત્યારે, એક અજાણ્યા વ્યકિતનો તેમના ઉપર ફોન આવેલો જેથી, અકસ્માતવાળા બનાવની જાણ થયેલાનું રેકર્ડ પરથી સ્પષ્ટ છે. આમ, ફરીયાદી હિયર–સે વિટનેસ છે. વધુમાં ફરીયાદી જણાવે છે કે, અકસ્માત

કરનાર ક્રેઇન કોણ ચલાવતુ હતુ, તેની તેમને ખબર નથી કે તેઓને પાછળથી પણ સદર હકીકતની જાણ થયેલ નહીં.

તે બાદ, ફરીયાદી તેમની આરોપી તરફેની ઉલટતપાસમાં સ્પષ્ટ જણાવે છે કે, બનાવ સમયે તેઓ હાજર ન હોવાથી બનાવ સમયથી આજદિન સુધી તે વાહન કોણ ચલાવતુ હતુ, તેની તેઓને જાણ નથી અને તેથી, ફરીયાદીના પુરાવા પરથી અકસ્માતવાળો બનાવ હાલના આરોપીએ જ સર્જેલ હોવાની હકીકતને સમર્થન મળતુ નથી.

(૧૦) સદર કામે આંક–૭થી સાહેદ જીવરાજભાઇ લાભશંકરભાઇ દવે, આંક–૮થી સાહેદ દિલીપસિંહ હાલુભા વાળા તેમજ આંક–૯થી સાહેદ નરેશભાઇ ઉર્ફે વિવેક જીવરામભાઇ જાનીની જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે. સદર સાહેદો પૈકી સાહેદ દિલીપસિંહ તથા સાહેદ નરેશભાઇ ઉર્ફે વિવેકભાઇએ અકસ્માતવાળા બનાવની જાણ ફરીયાદીને કરેલ હોવાનો ફરીયાદ પક્ષનો કેસ છે. સદર તમામ સાહેદોના પુરાવાનું વિહંગાવલોકન કરવામાં આવે તો, અકસ્માતવાળો બનાવ બનતા, તેમાં ફરીયાદીના પુત્ર અરૂણભાઇને ગંભીર ઇજા થવાથી તેનું મરણ થયેલાનું જણાવે છે, પરંતુ અકસ્માતવાળી ક્રેઇન કોણ ચલાવતુ હતુ, તેની સદર સાહેદોને ખબર નથી કે, તેઓને સદર હકીકતની જાણ પાછળથી પણ થયેલ નથી તેવી સ્પષ્ટ હકીકતો રેકર્ડ પર છે.

વધુમાં, સદર સાહેદોની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસ જોતા, બનાવ સમયે સાહેદો પોતાના પ્લોટમાં અંદર હતા અને રોડ ઉપર અવાજ આવવાથી તેઓ પ્લોટની બહાર આવેલા, પરંતુ બનાવ તેમણે નજરે જોયેલ નથી તેમજ બનાવ સમયથી આજદિન સુધી તે વાહન કોણ ચલાવતુ હતુ, તેની સાહેદોને જાણ નથી તેવી હકીકતો સ્વીકારેલ છે. આ સંજોગોમાં, સદર ત્રણેય સાહેદોના પુરાવા પરથી અકસ્માતવાળો બનાવ આ કામના આરોપીની કસૂરના કારણે જ સર્જાયેલ હોવાની હકીકત

નિ:શંકપણે પુરવાર થઇ શકતી નથી.

**(૧૧)** ફરીયાદ પક્ષ દ્વારા આંક–૧૧થી પંચસાહેદ દિનેશભાઇ લાભશંકરભાઇ જાની તથા આંક–૧૩થી બીજા પંચસાહેદ શાંતિલાલ ઓધવજીભાઇ લાધવાની જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે. આંક–૧૨થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા આંક–૧૬થી ઇન્કવેસ્ટ પંચનામુ રજુ છે. સદર પંચો તેમના પુરાવામાં રોડ અકસ્માતમાં કિશોરભાઇ(ફરીયાદી)ના દિકરાનું મરણ થઇ ગયેલુ અને બનાવ સ્થળે ક્રેઇન પડેલ હતી, પરંતુ તેનો નંબર પંચોને યાદ નથી તેમજ તૈયાર પંચનામામાં સહી કર્યા સવાય તેઓ બીજુ કાંઇ જાણતા નથી તેવુ સ્પષ્ટ જણાવે છે. આ સંજોગોમાં, સદર પંચોને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં, આંક–૧૨ તથા આંક–૧૬થી રજુ બન્ને પંચનામાની મહત્વની હકીકતો લેશમાત્ર પુરવાર થઇ શકતી નથી.

**(૧૨)** સદર કામે આંક–૧૪થી સાહેદ અશોકભાઇ રવજીભાઇ ચુડાસમાને સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, બનાવ સમયે સાહેદ તથા ફરીયાદી મજુરી કામે હતા ત્યારે, કોઇનો ફોન આવેલો અને તેણે કહેલ કે, ફરીયાદીના દિકરા અરૂણભાઇનો અકસ્માત થયેલ છે, પરંતુ અકસ્માત કયા વાહનથી થયેલો અને તે વાહન કોણ ચલાવતુ હતુ, તેનું નામ બનાવ સમયે કે, બનાવ બાદ પણ જાણવા મળેલ નહીં અને પોલીસે ફકત સાહેદનું નામ–સરનામુ પુછેલુ, પરંતુ સાહેદે પોલીસને અકસ્માત કરનાર વાહનનો નંબર કે, વાહન ચાલકનું નામ જણાવેલ નથી. આમ, સદર સાહેદ હિયર–સે વિટનેસ છે તેમજ સદર સાહેદને ફરીયાદ પક્ષ દ્વારા ફરી ગયેલા જાહેર કરેલા છે.

**(૧૩)** ફરીયાદ પક્ષે આંક–૧૫થી અકસ્માત સર્જનાર ક્રેઇનના માલિક સાહેદ ઇશ્વરભાઇ પ્રેમજીભાઇ જાનીની જુબાની રેકર્ડ થયેલ છે. આ સાહેદનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, તેઓ એવી હકીકતો જણાવે છે કે, તેમની

ક્રેઇનનો નંબર–GJ-04-AP-0166 ને છે, જે સાહેદે કંપનીમાં એક મહિના માટે ભાડે આપેલી અને તે ક્રેઇનથી અકસ્માત થયેલો, જેમાં એક છોકરાનું મરણ થયેલ, પરંતુ સદર ક્રેઇન કંપનીના કયા માણસ ચલાવતા હતા, તેનું નામ સાહેદને બનાવ સમયે કે બનાવ બાદ પણ જાણવા મળેલ નહીં. આ સંજોગોમાં, સદર સાહેદને ફરીયાદ પક્ષ દ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં, અકસ્માતવાળા બનાવમાં આ કામના આરોપીની સંડોવણી લેશમાત્ર ખુલવા પામતી નથી.

**(૧૪)** સદર કામે આંક–૨૦થી ત.ક.અ. એ.એસ.આઇ. પરાક્રમસિંહ પ્રવિણસિંહ ગોહિલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આંક–૨૧થી તપાસનો પત્ર, આંક–૨૨થી મરણોત્તર તપાસ સારૂ મોકલેલા શબની સિવિલ સર્જન તરફ મોકલવાના પોલીસ રીપોર્ટ, આંક–૨૩ થી આંક–૩૦ સુધીમાં આરોપીના આધાર કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, વિમા–પોલીસી, આર.સી. બુક, વાહનનું ફિટનેસ સર્ટી., ટેકસની રસીદ તેમજ પી.યુ. સી.(કુલ આઠ કાગળો) તેમજ આંક–૩૧થી અસલ એફ.આઇ.આર. રજુ થયેલ છે. સદર ત.ક.અ.એ તેમની જુબાનીમાં હાલની ફરીયાદ અન્વયે, તેમણે કરેલ તપાસ અને ચાર્જશીટની હકીકતોને સમર્થન કરતો પુરાવો આપેલ છે, પરંતુ આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓ સ્પષ્ટ જણાવે છે કે, તેમની તપાસ તથા સાહેદોના નિવેદનોમાં વાહન કઇ સ્પીડે ચાલતુ હતુ, તે ખુલેલ નથી અને બનાવવાળી જગ્યા એ જાહેર રસ્તો છે જ્યાં, ઘણા બધા માણસોની અવર–જવર સતત શરૂ હોય છે.

વધુમાં, ત.ક.અ. તેમની ઉલટતપાસમાં એવી હકીકતોનો ઇન્કાર કરે છે કે, સાહેદોના નિવેદનો પોતાની જાતે લખી લીધેલ છે અને તૈયાર પંચનામામાં માત્ર સહી કરાવેલ છે તેમજ પૂરતો પુરાવો ન હોવા છતાં, ખોટુ ચાર્જશીટ કરેલ છે. સદર હકીકતો સંદર્ભે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, બનાવવાળી જગ્યા એ રસ્તો છે જ્યાં, ઘણા બધા

માણસોની અવર–જવર સતત શરૂ હોય છે તેમ છતાં, ફરીયાદ પક્ષ દ્વારા અકસ્માતમાં મરણ જનારના પિતા(ફરીયાદી) સહિતના સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર અને બનાવ નજરે જોનાર સાહેદના નિવેદન લેવામાં આવેલ નથી. વધુમાં, ફરીયાદ પક્ષ દ્વારા આંક–૧૨થી રજુ ગુનાવાળી જગ્યા તથા આંક–૧૬થી રજુ ઈન્કવેસ્ટ પંચનામાના કોઈપણ પંચે પોતાના પુરાવાથી લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેના પરથી, સદર ત.ક.અ.ની તપાસની કામગીરી ખામીયુક્ત અને શંકાસ્પદ જણાતી હોઈ, તેમના પુરાવાને ધ્યાને રાખીને, આ કામના આરોપીને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૫) વધુમાં, ફરિયાદ પક્ષ દ્વારા આંક–૧૭થી એફ.એસ.એલ. રીપોર્ટ, આંક–૧૮થી સારવાર સર્ટી. આપવા માટે અલંગ પો.સ્ટે.ને કરેલ યાદી તેમજ આંક–૧૯થી મરનારની પી.એમ.નોટ રજુ થયેલ છે, પરંતુ આંક–૬થી રજુ ફરિયાદ કે, જે હાલના કામે મુખ્ય પુરાવો છે, તેને જ ફરિયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ નથી ત્યારે, સદર દસ્તાવેજી પુરાવા કે જે ગૌણ પુરાવા છે, તેના ઉપર આધાર રાખી, આ કામના આરોપીને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૧૬) આમ, ઉપરોક્ત કરેલ સમગ્ર ચર્ચા પરથી ફરિયાદ પક્ષ એવી હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે બનાવ સમયે અને સ્થળે, આ કામના ફરીયાદીનો દિકરો અરૂણભાઈ ચાલીને જતો હતો તે દરમિયાન, ક્રિષ્ના સ્ટીલ નામના પ્લોટના ગેઈટની સામે પહોંચતા, આ કામના આરોપીએ પોતાની ક્રેઈન નં.GJ-04-AP-0166 ને પૂરઝડપે અને બેફિકરાઈથી માણસની જિંદગી જોખમાય તે રીતે ચલાવી આવી, ફરીયાદીના દિકરા સાથે ભટકાડી, એકસીડેન્ટ કરી, ગંભીર ઈજા પહોંચાડી, સારવાર દરમિયાન તેનું મોત નિપજાવેલ. આથી, આરોપીને શંકાનો લાભ આપવો જોઈએ તેવુ અત્રેની અદાલતનું માનવુ છે. વધુમાં, ફરિયાદ પક્ષ આરોપી સામેના આક્ષેપિત ગુન્હા

મુજબનું તહોમત એટલે કે, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એક્ટની કલમ–૧૩૪, ૧૭૭, ૧૮૪ મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નંબર–૧નો જવાબ નકારાત્મક ઠરાવવામાં આવે છે અને મુદ્દા નંબર–૨ પરત્વે, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

i. આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) મુજબ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એક્ટની કલમ–૧૩૪, ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષા પાત્ર ગુન્હા સબબ શંકાનો લાભ આપી, છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

ii. આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય સુધીના જામીન રજુ કરવા.

હુકમ આજ તારીખ–૪, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ :–તળાજા.

**(કુ. મૃણાલી જિગીશકુમાર કિકાણી)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ–તળાજા.
(કોડ નં.–જી.જે.૦૧૫૪૯).

એચ.બી.જોષી.